# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અંતર્ગત
# ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની પ્રાથમિક માહિતી

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કામધેનુ યુનિવર્સિટી

1. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - 388110
2. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ - 362001
3. સરદરકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારરકૃષિનગર - 385506
4. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી - 396450
5. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ - આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ; સરદાર કૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર; જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તથા કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની તથા કોલેજોની માહિતી

## ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (એ - ગ્રૃપ)

| ક્રમ | સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ | કોલેજ અને યુનિવર્સિટી |
|---|---|---|
| 1 | બી.ટેક. (ડેરી ટેકનોલોજી) | શેઠ મ. છ. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ |
| | | ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, અમરેલી |
| 2 | બી.ટેક. (એગ્રી. એન્જી.) | કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ |
| | | કૃષિ ઇજનેરી મહાવિદ્યાલય, આકૃયુ, ગોધરા |
| | | કૃષિ ઇજનેરી મહાવિદ્યાલય, નકૃયુ, ડેડીયાપાડા |
| 3 | બી.ટેક. (ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી) | શ્રી જી.એન. પટેલ ડેરી વિજ્ઞાન અને ફૂડ ટેકનોલોજી મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર |
| 4 | બી.ટેક. (ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી) | ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ |
| 5 | બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાર્નમેન્ટલ એન્જી.) | રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાર્નમેન્ટલ એન્જી., મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર |

આકૃયુ = આણંદ કૃષિ યુનિવર્સિટી
જૂકૃયુ = જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
નકૃયુ = નવસારી કૃષિ યુનિવર્સિટી
સદાકૃયુ = સરદાર કૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી

# ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (બી - ગ્રૃપ)

| ક્રમ | અભ્યાસક્રમ | કોલેજ અને યુનિવર્સિટી |
|---|---|---|
| 1 | બી.વી.એસસી. એન્ડ એ.એચ. (વેટરનરી) | પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ |
| | | પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર |
| | | પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| | | પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ |
| 2 | બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર | બ. અં. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ., આણંદ |
| | | કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ,, વસો |
| | | કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામ |
| | | ચી.પ. કૃષિ મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર |
| | | કૃષિ મહાવિદ્યાલય, સદાકૃયુ, થરાદ |
| | | કૃષિ મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ |
| | | કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારિયા, જૂકૃયુ, અમરેલી |
| | | ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| | | કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, ભરુચ |
| | | કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ,, વઘઇ |
| 3 | બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર | આસ્પી બગાયત-વ-વનવિદ્યા મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| | | બાગાયત મહાવિદ્યાલય, સદાકૃયુ, જગુદણ |
| | | બગાયત મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ |
| | | બગાયત મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ |
| 4 | બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટરી | આસ્પી બગાયત-વ-વનવિદ્યા મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| 5 | બી.એફ.એસસી. | મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, જૂકૃયુ, વેરાવળ |
| 6 | બી.એસસી. (એગ્રી બાયોટેકનોલોજી) | એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી મહાવિદ્યાલય, અઠવા લાઇન, નકૃયુ, સુરત |
| 7 | બી.એસસી. (બાયોટેકનોલોજી) | બેઝિક સાયન્સ અને હ્યુમેનીટીઝ મહાવિદ્યાલય, |

| | | |
|---|---|---|
| 8 | બી.એસસી. (માઇક્રોબાયોલોજી) | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સ.કૃ.નગર |
| 9 | બી.એસસી. (બાયોકેમીસ્ટ્રી) | |
| 10 | બી.એસસી. (ફૂડ ક્વોલીટી એસ્યોરન્સ) | શ્રી જી.એન. પટેલ ડેરી વિજ્ઞાન અને ફૂડ ટેકનોલોજી મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર |

## ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી/ મેથેમેટીક્સ (એ/બી ગ્રુપ)

| ક્રમ | અભ્યાસક્રમ | કોલેજ અને યુનિવર્સિટી |
|---|---|---|
| 1 | બી.ટેક. (એગ્રીકલ્ચર ઈન્ફોર્મેશન ટેકનોલોજી) | એગ્રીકલ્ચર ઈન્ફોર્મેશન ટેકનોલોજી કોલેજ, આકૃયુ., આણંદ |

## ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી/ મેથેમેટીક્સ (એ/બી ગ્રુપ)

| ક્રમ | અભ્યાસક્રમ | કોલેજ અને યુનિવર્સિટી |
|---|---|---|
| 1 | બી.એસસી. (ઓનર્સ) હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન | આસ્પી ગૃહ વિજ્ઞાન-વ-પોષણ વિદ્યા મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર |
| **નોંધ :** | | |
| વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ આપવામાં આવશે ત્યારબાદ જો બેઠકો ખાલી રહેશે તો વિજ્ઞાન પ્રવાહ સિવાયના એટલે કે આર્ટસ, કોમર્સ, ગૃહવિજ્ઞાન / કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહના વિદ્યાર્થી કે જેમણે ધો. 12 અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ છે અથવા ધો. 10 અંગ્રેજી વિષય સાથે પાસ કર્યા પછી બે કે ત્રણ વર્ષનો હોમસાયન્સ ડીપ્લોમા અભ્યાસક્રમ કરેલ છે તેમને પ્રવેશ આપવામાં આવશે. | | |

# પ્રવેશ લાયકાત :

<table>
<tr><td>૧</td><td colspan="4">બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર / બી.ટેક. (એગ્રી. ઈન્ફોર્મેશન ટેકનોલોજી) / બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી / બી.એફ.એસસી. / બી.એસસી. (ઓનર્સ) હોમસાયન્સ એન્ડ ન્યુટ્રીશન /બીએસસી.(એગ્રી બાયોટેક્નોલોજી), બીએસસી.(બાયોટેક્નોલોજી)/ બી.એસસી. (માઈક્રોબાયોલોજી) /બી.એએસ.સી. (ફૂડ ક્વાલિટી એસ્યોરન્સ/ બી.ટેક. (ડેરી ટેકનોલોજી) / બી.ટેક (એગ્રી.એન્જી) / બી.ટેક. (ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી) / બી.ટેક. (ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી) / બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાર્નમેન્ટલ એન્જી.) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે</td></tr>
<tr><td rowspan="7"></td><td colspan="4">ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા (ધો.12) વિજ્ઞાન પ્રવાહના ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ /ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી/ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી ગ્રુપ સહિત અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા યુનિવર્સિટી ધ્વારા માન્યતાપ્રાપ્ત અન્ય રાજ્યના બોર્ડ કે યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોવી જોઈએ</td></tr>
<tr><td rowspan="5">(૧)</td><td colspan="3">બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચચર / બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટરી / બી.એફ.એસસી./બી.એસસી. (ફૂડ કવોલીટી એસ્યોરન્સ) / બી.એસસી. (બાયોટેકનોલોજી) / બી.એસસી. (માઈક્રોબાયોલોજી) / બી.એસસી. (બાયોકેમેસ્ટ્રી) અને બી.એસસી. (એગ્રી બાયોટેકનોલોજી)/બી.એસસી.(ઓનર્સ) હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશીયન અભ્યાસક્રમો માટે ધો. 12ની પરિક્ષામાં ભૌતિક વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન અને જીવવિજ્ઞાન (ગ્રુપ-બી) વિષયોની થીયરીમાં કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ.</td></tr>
<tr><td>(i)</td><td>અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે</td><td>35%</td></tr>
<tr><td>(ii)</td><td>અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે</td><td>35%</td></tr>
<tr><td>(iii)</td><td>સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે</td><td>40%</td></tr>
<tr><td>(iv)</td><td>અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય</td><td>40%</td></tr>
<tr><td>(૨)</td><td colspan="2">બી.ટેક (એગ્રી.એન્જી.) / બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાર્નમેન્ટલ એન્જી) / બી.ટેક. (ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી) / બી.ટેક. (ડેરી ટેકનોલોજી) / બી.ટેક. (ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી) અભ્યાસક્રમો માટે ધો. 12ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન અને ગણિત (ગ્રુપ-એ) વિષયોની થીયરીમાં</td><td></td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| | | કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | | |
| | | (i) | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | 35% |
| | | (ii) | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે | 35% |
| | | (iii) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે | 40% |
| | | (iv) | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | 40% |
| | (3) | બી.ટેક. (એગ્રીકલ્ચર ઈન્ફોર્મેશન ટેકનોલોજી) અભ્યાસક્રમ માટે ધો. 12ની પરિક્ષામાં ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (ગ્રુપ-બી) અથવા ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (ગ્રુપ-એ) અથવા ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી(પૈકી ગ્રુપ-એ અથવા ગ્રુપ-બી પૈકી જેમાં વધુ ગુણ મેળવેલ છે તેવા) વિષયોની થીયરીમાં કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | | |
| | | (i) | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | 35% |
| | | (ii) | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે | 35% |
| | | (iii) | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે | 40% |
| | | (iv) | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | 40% |
| | (૪) | બી.એસસી. (ઓનર્સ) હોમસાયન્સ એન્ડ ન્યુટ્રીશન અભ્યાસક્રમ માટે ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (ગ્રુપ-બી) અથવા ફિજીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ (ગ્રુપ-એ) વિષયની થીયરીમાં ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | | |
| | | (i) | કોઈપણ કેટેગરી માટે - 35% | |
| | | જો કે, | | |
| | | (ii) | વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને પ્રથમ પ્રવેશ આપવામાં આવશે ત્યારબાદ જો બેઠકો ખાલી રહેશે તો વિજ્ઞાન પ્રવાહ સિવાયનાં આર્ટસ, કોમર્સ, ગૃહવિજ્ઞાન, કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહના વિદ્યાર્થીઓ કે જેમણે ધો.12 અંગ્રેજી વિષય સાથે ગુજરાત રાજ્યમાંથી પાસ કરેલ છે તેઓને પ્રવેશ આપવામાં આવશે. | |
| | | (iii) | ગુજરાત રાજ્યમાંથી બે વર્ષનો હોમસાયન્સ ડીપ્લોમા અભ્યાસક્રમ અથવા ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીમાંથી બે વર્ષનો ગૃહવિજ્ઞાન પ્રમાણપત્ર અભ્યાસક્રમ પાસ કરેલ વિદ્યાર્થીઓ કે જેમણે ધોરણ-10 ગુજરાત બોર્ડ અથવા અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તેઓ પણ પ્રવેશપાત્ર છે. | |

| | | | |
|---|---|---|---|
| | પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ : | | |
| | (અ) | ગુજરાત બોર્ડ અથવા | |
| | (બ) | અન્ય બોર્ડમાંથી 10+2 પધ્ધતી અંતર્ગત ભૌતિક વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન અથવા ગણિત અને અંગ્રેજી વિષય સાથે ધો.12 ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. જેઓને પ્રો-રેટાને આધારે / સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે મધ્યસ્થ સંકલન સમિતિ નક્કી કરે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. જો કે | |
| | | (i) | સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડ્રી એજ્યુકેશન |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ, અથવા |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દિવ,દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય પરંતુ તેના મા-બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | | (ii) | કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ, અથવા |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દિવ,દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય પરંતુ તેના મા-બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | | (iii) | નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલિંગ |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ, અથવા |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દિવ,દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય પરંતુ તેના મા-બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | | (iv) | ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ, અથવા |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે શાળા દિવ,દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય પરંતુ તેના મા-બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોય. |
| | (ક) | ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને ધોરણ-12 પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય તેમજ પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇએ. જો કે, આવા અરજદારે થીયરી અને પ્રેક્ટિકલના | |

| | | |
|---|---|---|
| | | જૂદા જૂદા ગુણ દર્શાવતી માર્કશીટ રજૂ કરવાની રહેશે તેમજ તેણે ચાલુ વર્ષે (૨૦૧૫)ની GUJCET/JEE પરીક્ષા આપેલી હોવી જોઇએ. |
| | જે ઉમેદવારના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ વતની હોય અને ગુજરાત રાજ્યની બહાર કેન્દ્ર સરકાર કે અન્ય રાજ્યની સરકારો, સેના, કેન્દ્ર કે અન્ય રાજ્ય સરકારોના બોર્ડ કે નિગમ અથવા રાષ્ટ્રીયકૃત બેંકમાં નોકરી કરતા હોય, તેણે ધોરણ-12 (ધો.12) ની પરીક્ષા તેના મા-બાપ નોકરી કરતા હોય તે રાજ્યમાંથી પાસ કરી હોય અને GUJCET / JEE કે તેની સમકક્ષ રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત માન્ય કરાયેલ પરીક્ષા ચાલુ વર્ષે (૨૦૧૫)ની પરીક્ષા આપેલી હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ મેરીટ-લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે. | |
| | ઉમેદવારે ધોરણ-12 ની પરીક્ષા પાસ કરેલ હોય અને | |
| | (I) | ચાલુ વર્ષ (૨૦૧૫)ની GUJCET / JEE અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર ધ્વારા વખતોવખત માન્ય કરાયેલ પરીક્ષા આપેલ હોય, અને |
| | (II) | તેના મા-બાપ નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય, અને |
| | (III) | તેના મા-બાપની બદલી ગુજરાત રાજયમાં થઇ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઇ ગયા હોય અને ત્યાં (રજીસ્ટ્રેશન) સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ બીજા પ્રકારના મેરીટ – લિસ્ટમાં કરવામાં આવશે |
| માતપિતા/વાલીની નોકરીની કેટેગરી : | | |
| (a) | કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારી, અથવા | |
| (b) | કેન્દ્ર સરકારના અને રાજય સરકારના જાહેર સાહસોના અધિકારી / કર્મચારી, અથવા | |
| (c) | રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી / કર્મચારી, અથવા | |
| (d) | ગુજરાત રાજયમાં આવેલ UNO/ UNICEF/ WHO જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી / કર્મચારી, અથવા | |
| (e) | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય જંગલ સેવાના અધિકારી / કર્મચારી કે જેઓ ગુજરાત રાજયમાં કે ગુજરાત રાજય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે, અથવા | |
| (f) | ગુજરાત રાજય સરકારના અધિકારી/ કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજય બહાર ફરજ બજાવે છે. | |
| | જે ઉમેદવારે | |
| | (i) | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જ્વાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ ૪ સુધી અભ્યાસ કરેલ હોય અને |
| | (ii) | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત જ અભ્યાસ કરેલ હોય અને |

| | | |
|---|---|---|
| | (iii) | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ - 12 ની પરીક્ષા પાસ કરેલ હોય અને |
| | (iv) | ચાલુ વર્ષે (૨૦૧૫)માં GUJCET / JEE પરીક્ષા આપેલ હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો  સમાવેશ પણ બીજા પ્રકારના મેરીટ લિસ્ટમાં કરવામાં આવશે. |
| | નોંધ : "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા વર્ષ 1985-86 દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) ધ્વારા સંચાલિત છે. | |
| | જે ઉમેદવારે ધોરણ - 12ની પરીક્ષા કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહ અથવા ઉત્તર બુનિયાદી પ્રવાહ (કૃષિના વિષયો સાથે) ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે આગળ જણાવેલ ટકાવારીથી પાસ કરેલ હોય તેઓ બી.એસસી. (ઓનર્સ) એગ્રી / બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટરી / બી.એસસી. (ઓનર્સ) હોમસાયન્સ એન્ડ ન્યુટ્રીશન તથા બી.એસસી. (એગ્રી બાયોટેકનોલોજી)માં પ્રવેશ મેળવી શકશે. | |
| | જે ઉમેદવારે ધોરણ-12ની પરીક્ષા  કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહ સાથે અથવા પોસ્ટ બેઝિક પ્રવાહ (કૃષિના વિષયો સહિત) સાથે પાસ કરી હોય તોઓને માત્ર બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટરી / બી.એસસી. (ઓનર્સ) હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન અને બી.એસસી. (એગ્રી બાયોટેકનોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વધારાના 5% ગુણ મળવા પાત્ર છે. | |
| | ખેડૂતના પુત્ર / પુત્રી / ભાઇ / બહેન / પૌત્ર / પૌત્રીને વધારાના 5% ગુણ મળવાપાત્ર છે. આ માટે ઉમેદવારે તેના પિતા / માતા / દાદા (પિતૃ પક્ષ) /દાદી (પિતૃ પક્ષ) કે ભાઇ / બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો ૭-૧૨/૮-અ નો ચાલુ નાણાકીય વર્ષનો દાખલો તેમજ જમીન ધારક અને ઉમેદવાર વચ્ચેનો સંબંધ દર્શાવતો દાખલો રજુ કરવાનો રહેશે. જો કે આવો ઉમેદવાર જે-તે અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની જરૂરી ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઇએ. આ લાભ માત્ર બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટરી / બી.એફ.એસસી./બી.એસસી. (ઓનર્સ) હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન અને બી.એસસી. (એગ્રી બાયોટેકનોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જ મળવા પાત્ર છે. | |
| | ગુજરાત રાજ્યના માછીમાર જાતિના  / માછીમારના પુત્ર / પુત્રી / ભાઇ / બહેન / પૌત્ર / પૌત્રીને વધારાના 15% ગુણ મળવાપાત્ર છે. જે માટે ઉમેદવારે તે પોતે  / તેના માતા કે પિતા / દાદા કે દાદી (પિતૃપક્ષ) / ભાઈ કે બહેન માછીમારીનો ધંધો અથવા તેના ઉત્પાદનમાં સંકળાયેલા છે તે મતલબનું માન્ય સત્તાધીશનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ લાભ માત્ર બી.એફ.એસસી. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે જ મળવા પાત્ર છે. જો કે આવા ઉમેદવાર પ્રવેશ માટેની ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઈએ. | |

## (૨) બી.વી.એસસી. એન્ડ એ.એચ. (વેટરનરી) અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની લાયકાત

ઉમેદવારે ધો.12ની પરીક્ષા વિજ્ઞાન પ્રવાહના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી (ગ્રુપ - બી) અને અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોવી જોઈએ. ધો.12ના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષયની થીયરી પરીક્ષાઓમાં ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ.

| | | |
|---|---|---|
| (i) | અનુસૂચિત જાતીના વિદ્યાર્થીઓ માટે | 40% |
| (ii) | અનુસૂચિત જનજાતીના વિદ્યાર્થીઓ માટે | 40% |
| | ફકત વેટરનરી કોલેજ, નવસારી માટે અનુસૂચિત જનજાતીના વિદ્યાર્થીઓ માટે | 35% |
| (iii) | સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે | 40% |
| (iv) | આ સિવાયના વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશ મેળવવા પાત્ર છે | 50% |

નોંધ

| | | |
|---|---|---|
| 1 | પ્રવેશ માટે ઉમેદવારે ચાલુ વર્ષની GUJCET પરીક્ષા આપેલ હોવી જોઈએ | |
| | પ્રવેશ - મેરીટ બનાવવા ચાલુ વર્ષની GUJCET પરીક્ષામાં મેળવેલ કુલ ગુણ ગણતરીમાં લેવામાં આવશે | |
| 2 | સ્પોન્સર્ડ ઉમેદવાર જનરલ કેટેગરીના ઉમેદવાર મુજબની લાયકાત ધરાવતો હોવા જોઈએ | |
| 3 | બાયલેટરલ  એક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત પ્રવેશ વેટરનરી કાઉન્સીલ હસ્તક રહેશે | |
| 4 | નીચે મુજબની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર (વેટરનરી કાઉન્સીલની 15% બેઠકો સહિત) બી.વી.એસસી. એન્ડ એ.એચ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લાયક ગણાશે નહી | |
| | (a) | કુલ શારીરિક વિકલાંગતા (છાતિ / સ્પાઈન સહિત) 50% કરતાં વધારે હોય |
| | (b) | પગની વિકલાંગતા 50% કરતાં વધારે હોય |
| | (c) | હાથની વિકલાંગતા હોય |
| | (d) | દૃષ્ટીની વિકલાંગતા અને સાંભળવાની વિકલાંગતા હોય |
| | (e) | ક્રમશઃ વધતા જતા માયોપેથીઝ જેવા રોગોથી પીડીત ઉમેદવાર હોય |
| | (f) | વેટરનરીયનની ફરજો બજાવવામાં બાધક વિકલાંગતા હોય |

**ઉંમર :**

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની 31મી ડીસેમ્બરે ઓછામાં ઓછા 17 વર્ષ પુરા કરેલા હોવા જોઈએ.

# મેરીટ લિસ્ટ

| |
|---|
| બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર / બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર / બી.ટેક. (એગ્રી. ઈન્ફોર્મેશન ટેકનોલોજી) / બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટરી / બી.એફ.એસસી. / બી.એસસી. (ઓનર્સ) હોમસાયન્સ એન્ડ ન્યુટ્રીશન /બીએસસી.(એગ્રી બાયોટેક્નોલોજી), બીએસસી.(બાયોટેક્નોલોજી)/ બી.એસસી. (માઈક્રોબાયોલોજી) / બી.ટેક. (ડેરી ટેકનોલોજી) / બી.ટેક (એગ્રી.એન્જી) / બી.ટેક. (ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી) / બી.ટેક. (ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી) / બી.ટેક. (રીન્યુએબલ એનર્જી એન્ડ એનવાર્નમેન્ટલ એન્જી.) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે |
| GUJCET / JEE કે રાજ્ય સરકાર ધ્વારા માન્ય પરીક્ષા અને ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં ભૌતિક વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન અને જીવવિજ્ઞાન / ગણિત વિષયની ફક્ત થીયરીમાં મેળવેલ કુલ ગુણના અનુક્રમે 40% અને 60%. |
| **બી.વી.એસસી. એન્ડ એ.એચ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનું મેરીટ લિસ્ટ** |
| ફકત ચાલુ વર્ષે (૨૦૧૫)માં આપેલ GUJCETની પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે |

**DISCLAIMER**

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો માટે પ્રવેશને લગતી તમામ સત્તા યુનિવર્સિટીની આબાધિત રહેશે અને જરૂર પડ્યે તેને બદલવાની સત્તા પણ યુનિવર્સિટીની રહેશે. આપેલ મહિતી ફક્ત માર્ગદર્શન માટે છે. જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે  નહીં.

## અનામત બેઠકો :

યુનિવર્સિટી ધ્વારા પ્રવેશ માટે નીચે મુજબની બેઠકો અનામત રાખવામાં આવેલ છે :

| | | |
|---|---|---|
| 1 | ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થા / વેટરનરી કાઉન્સીલના ઉમેદવારો માટે | 15% |
| 2 | ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે | 85% |

ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલ કેટેગરી મુજબ અનામત રહેશે :

| | | |
|---|---|---|
| અનુસૂચિત જાતિ | 7% | આ કેટેગરીની અનામત બેઠકો એકબીજા માં તબદીલ થઈ શકશે. |
| અનુસૂચિત જનજાતિ | 15% | |
| સામાજિક અને શૈક્ષણિક  પછાત વર્ગ (ઉન્નત વર્ગમાં સ્માવિષ્ઠ ન હોય તેવા) | 27% | ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માન્યતા પ્રાપ્ત |
| વિકલાંગ | 3% | જે - તે કેટેગરીમાં સમાવિષ્ઠ થશે |
| સેનામાં કાર્યરત અથવા સેનામાંથી નિવૃત્ત કર્મચારીના સંતાનો | 1% | ----- |

કોઈપણ સંજોગોમાં આ ટકાવારીથી વધારે સંખ્યામાં અથવા યુનિવર્સિટી ધ્વારા નક્કી કરાયેલ જરૂરી લાયકાત કરતા ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારથી જે - તે કેટેગરીની બેઠકો ભરી શકાશે નહી.

## પારસી જાતી :

| | |
|---|---|
| 1 | ગુજરાત રાજ્યના વતની એવા પારસી જાતીના ઉમેદવારો માટે 1 વધારીની બેઠક રાખવામાં આવેલ છે. જે અન્ય કેટેગરીમાં તબદિલ થઈ શકશે નહીં. |
| 2 | પારસી જાતીની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |
| 3 | પારસી જાતીની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકરીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતીનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલિન અસરથી રદ થશે. |

**ડેરી વિજ્ઞાન કોલેજ, અમરેલી – કામધેનુ યુનિવર્સિટી** ખાતે ૧૦% બેઠકો ધોરણ-12 (વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષા ગુજરાત બોર્ડના અમરેલી જિલ્લાના કોઇપણ સેન્ટરમાંથી પાસ કરેલ ઉમેદવાર માટે અનામત રહેશે.

## ગુજરાત રાજ્યના દૂધ ઉત્પાદક સંધના નોંધાયેલ પ્રાથમિક સભ્યોના સંતાનો માટે અનામત બેઠકો :

સરદાર કૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર ધ્વારા ચલાવાતા બી.ટેક. ( ડેરી અને ફૂડ ટેક્નોલોજી) કોર્સમાં 30% બેઠકો ગુજરાત રાજ્યના દૂધ ઉત્પાદક સંઘના નોંધાયેલ પ્રાથમિક સભ્યના સંતાનો માટે અનામત રહેશે. જે પૈકીની 30% બેઠકો ફક્ત છોકરીઓ માટે  અનામત રહેશે. આ નિયમ દરેક કેટેગરી (સામાન્ય, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સા.શૈ.પ.વ.) અને અન્ય તમામ

| | | | |
|---|---|---|---|
| | વિભાજનોમાં લાગુ પડશે. જેમા પ્રવેશ મેળવવા માટે અરજદાર પોતે અથવા તેના માતા કે પિતા દૂધ ઉત્પાદક સંઘના પ્રાથમિક સભ્ય છે, તે મતલબનું પ્રમાણપત્ર જે - તે ડેરીના મેનેજીંગ ડીરેકટર પાસેથી મેળવી રજૂ કરવાનું રહેશે. | | |
| | **કાશ્મીરી વિસ્થાપિતો :** | | |
| | કાશ્મીરી વિસ્થાપીતો માટે 2 બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે : | | |
| | 1 | પ્રવેશ વખતે વિદ્યાર્થીને નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે | |
| | | (i) | પ્રવેશની તારીખમાં 30 દિવસની છૂટછાટ |
| | | (ii) | ઓછામાંઓછી પ્રવેશ લાયકાતમાં 10% ની છૂટછાટ |
| | | (iii) | વતની હોવાના પ્રમાણપત્રની જરૂરી નથી |
| | | (iv) | બીજી અને ત્યારબાદના વર્ષોમાં સ્થાળતરમાં છૂટછાટ |
| | | (v) | પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરૂરી નથી. |
| | 2 | આવા ઉમેદવારના નામાંકન માટેની અરજી કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય ધ્વારા મોકલાવાયેલ હોય તો જ પ્રવેશ માટે માન્ય ગણાશે. | |
| | 3 | ઉમેદવાર કાશ્મીરમાંથી જે રાજ્યમાં સ્થાળાંતરિત થયેલ હોય તે રાજ્યના ડેપ્યુટી કમીશનરનું તે મતલબનું રજીસ્ટ્રેશન નંબર સાથેનું પ્રમાણપત્ર અને રેશન કાર્ડ રજૂ કરવાનું રહેશે. | |
| | 4 | આ નિયમો જમ્મુ કાશ્મીરની પરિસ્થિત સામાન્ય થાય ત્યાં સુધી જ લાગુ પડશે. | |
| | 5 | અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે કેટેગરી માટે ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા માન્યતાપ્રાપ્ત અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતીનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલિન અસરથી રદ થશે. | |

| બિન નિવાસી ભારતીય (NRI) / પેમેન્ટની બેઠકો : | |
|---|---|
| યુનિવર્સિટી ધ્વારા NRI / પેમેન્ટની વધારાની બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતે ને આધિન છે : | |
| 1 | NRI બેઠકો પર પ્રવેશ મેળવવા માટે સામાન્ય ફી ઉપરાંત US $ 3500/- વધારાની ફી પેટે ભરવાના રહેશે. |
| 2 | NRI / પેમેન્ટની બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે બે સેમેસ્ટરની ફી એકી સાથે પ્રથમ તબક્કામાં (પ્રવેશ સમયે) ભરવાની રહેશે. |
| 3 | NRI બેઠકો પર ઉમેદવારોએ ધો. 12 (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મેરીટ બનાવી પ્રવેશ આપવામાં આવશે. આ ઉપરાંત ઉમેદવારે તેના માતા-પિતા NRI છે તે મતલબના જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. |
| 4 | પેમેન્ટની બેઠકો પર ઉમેદવારે ધો. 12 (વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે બનાવેલ મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે. જો કે ઉમેદવાર મેડીકલી ફીટ હોવો જોઈએ અને ચાલુ વર્ષની GUJCET/JEE પરીક્ષા આપેલી હોવી જોઈએ અને અન્ય ઉમેદવારની પ્રવેશ લાયકાતના નિયમોનુસાર લાયકાત ધરાવતો હોવો જોઈએ. |
| 5 | NRI માટે ઉપલબ્ધ બેઠકોની સંખ્યા યોગ્ય જગ્યાએ દર્શાવેલ છે. જો NRI ઉમેદવારો નહીં મળે તો આવી બેઠકો પેમેન્ટમાં તબદિલ કરવામાં આવશે. |
| 6 | વિદેશી વિદ્યાર્થીઓ તેમની રાષ્ટ્રીય સરકાર અને / અથવા ભારત સરકાર / ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ ધ્વારા સ્પોન્સર્ડ કરાયેલ હશે તો જ પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. |

## Contact Numbers:

| યુનિવર્સિટી / કોલેજ | હોદ્દો | ફોન |
|---|---|---|
| આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ- 388110 | મદદનીશ કુલ સચિવ | 02692-264462 |
| જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ 362001 | મદદનીશ કુલ સચિવ | 0285-2673040 |
| નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી – 396450 | મદદનીશ કુલ સચિવ | 02637-282786 |
| સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર – 385506 | મદદનીશ કુલ સચિવ | 02748-278229 |
| ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, અમરેલી – 365601 | આચાર્ય | 02792-229456 |